પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૪ | ૧૪ એપ્રિલ, ૨૦૧૮, શનિવાર ; ચૈત્ર વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ન્યુઝ ટ્રેક

ટ્રમ્પે કાર બદલી

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની પ્રેસિડેન્શીયલ કાર 'ધ બિસ્ટ' આગામી મહિને તદ્દન નવી અને અત્યાધુનિક ફેસિલિટી સાથે લોન્ચ થશે. આ કાર કોઈપણ પ્રકારના બાયોલોજિકલ અને કેમિકલ અટેકને સહન કરવા માટે સક્ષમ છે.

કોંગી નેતા કમલનાથના હેલીકોપ્ટરનું ઈમરજન્સી લેન્ડિંગ

કોંગ્રેસના વરિષ્ઠ નેતા કમલનાથને લઈ જઈ રહેલુ હેલીકોપ્ટર માર્ગ ભુલ્યુ હતુ. માર્ગ ન સુઝતા આખરે હોલીકોપ્ટરનુ એક ખેતરમાં ઈમરજન્સી લેન્ડિંગ કરાવાયુ હતુ.

અપરાધીઓના લીસ્ટમાં સલમાન

સલમાનખાનને કાળીયાર કેસમાં પાંચ વર્ષની સજા થઈ છે. અને હાલમાં તેને જમાનત મળી છે. એક વેબસાઈટ પર અપરાધિઓના લીસ્ટમાં સલમાનખાનનુ નામ પણ સામેલ કરાયુ છે.

રશિયા સેનાનુ હેલીકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત

રશિયાની સેનાનુ એક હેલીકોપ્ટર કેઈ-૨૯ બાલ્ટીક સમુદ્રમાં દુર્ઘટનાગ્રસ્ત બન્યુ છે. જેમાં સવાર બે ક્રુ મેમ્બરના મોત થયા છે અને કેટલાકને ઈજા થઈ છે.

જમ્મુ-કાશ્મીરમાં બંધનું એલાન

નાગરિકોના મોતના વિરોધમાં જમ્મુ-કાશ્મીરના અલગતાવાદીઓએ જમ્મુ-કાશ્મીરમાં બંધનું એલાન આપ્યુ છે. પોલીસે સુરક્ષા વ્યવસ્થા કડક બનાવી દીધી છે.

ઉન્નાવ ગેંગ રેપ કેસમાં સેંગરની અટકાયત

ભારે દબાણ અને નાટયાત્મક ઘટનાક્રમ વચ્ચે સવારે ભાજપના ધારાસભ્ય કુલદિપ સિંહ સેંગરની અટકાયત : સીબીઆઈએ સવારથી જ કસ્ટડીમાં લઇને પુછપરછ શરૂ કરી : સેંગર સામે ત્રણ કેસ દાખલ કરવામાં આવ્યા બાદ સકંજો મજબૂત

લખનૌ,તા. ૧૩

સમગ્ર દેશને હચમચાવી મુકનાર ઉન્નાવ ગેંગ રેપ કેસમાં આરોપી ધારાસભ્ય કુલદીપ સિંહ સેંગરની આજે વહેલી પરોઢે સીબીઆઈ દ્વારા ધરપકડ કરી લેવામાં આવી હતી. આની સાથે જ ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો હતો. સીબીઆઈની ટીમે આજે સવારે સેંગરને કસ્ટડીમાં લઈને પુછપરછનો દોર હાથ ધર્યો હતો. તેમની સામે ત્રણ કેસ દાખલ કરવામાં આવ્યા છે. સીબીઆઈની કસ્ટડીમાં આવ્યા બાદ સેંગરને હવે લાંબી કાયદાકીય પ્રક્રિયાનો સામનો કરવો પડે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. નાટયાત્મક ઘટનાક્રમનો દોર આકેસમાં સતત ચાલી રહ્યો છે. સીબીઆઈ દ્વારા તેમને કસ્ટડીમાં લેવાના પ્રશ્ને સેંગરના પરિવારના સભ્યોએ જ કહ્યુ હતુ કે સેંગર તરફથી જ સીબીઆઈ તપાસની માંગ કરવામાં આવી હતી. સેંગરના સંબંધી પ્રખર સિંહે માહિતી આપતા કહ્યુ છે કે સવારમાં સીબીઆઈની ટીમ આવી હતી અને તેમને હેડ ઓફિસ જવા માટે કહ્યુ હતુ. બીજી બાજુ કન્નોજના એસપી કિરીટ રાઠોડે કહ્યુ છે કે જો કોઈ વ્યક્તિ દોષિત છે તો તેમની સામે કાર્યવાહી કરવામા આવશે. તેમણે કહ્યુ હતુ કે તપાસ અધિકારીઓ દ્વારા લાંચ લેવામાં આવી છે તેવી ફરિયાદ કરવામાં આવી હતી. આ કેસ હવે એડિશનનલ એસપીનો સોંપી

● અનુસંધાન પાન-૭ પર

ધમાલની દહેશત વચ્ચે આજે આંબેડકર જયંતિ ઉજવાશે

કોઇપણ પ્રકારની હિંસા દેશના કોઇ ભાગમાં ન થાય તેની ખાતરી કરવા માટે કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા તમામ રાજ્યોને હુકમ : સુરક્ષા વધુ મજબૂત કરાઈ

નવી દિલ્હી,તા. ૧૩

ભારતના બંધારણના ઘડવૈયા બાબા સાહેબ આંબેડકરની જન્મજયતિ આવતીકાલે મનાવવામાં આવનાર છે. આંબેડકરની જન્મજયંતિ પહેલા જ દેશના મોટા ભાગના રાજ્યોમાં સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. હાલમાં બંધ દરમિયાન વ્યાપક હિંસા થઇ હતી. જેમાં ૧૩ લોકોના મોત થયા હતા. સેંકડો લોકો ઘાયલ થયા હતા. ૨૦૦થી વધારે લોકો ઘાયલ થયા હતા. સુપ્રીમ કોર્ટના એસસી અને એસટી સાથે સંબંધિત ચુકાદા સામેના વિરોધમાં બીજી એપ્રિલના દિવસે ભારત બંધ દરમિયાન વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી જેમાં ૧૩થી પણ વધુ લોકોના મોત થયા હતા. સંપત્તિને વ્યાપક નુકસાન પણ થયું હતું. સંચારબંધી

લાગૂ કરવામાં આવી હતી. બીજી એપ્રિલ બાદ સોશિયલ મિડિયા ઉપર અપાયેલા ૧૦મીના બંધને લઈને પણ હિંસા ભડકી ઉઠી હતી જેમાં અનેક જગ્યાઓએ ઝપાઝપી થઈ હતી. અનેક જગ્યાઓએ બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને તોડીપાડવામાં આવી હતી. ગૃહમંત્રાલય દ્વારા પહેલાથી જ બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિને લઈને રાજ્ય સરકારોને જરૂરી ચેતવણી આપી દીધી છે.

સુરક્ષાને લઈને પુરતા પગલા લેવા માટે કહેવામાં આવ્યું છે. ગૃહ મંત્રાલયે ૧૪મી એપ્રિલના દિવસે બાબાસાહેબ આંબેડકરની જયંતિના દિવસે જ કોઈપણ પ્રકારની હિંસા કોઈપણ જગ્યાએ ન થાય તેની ખાતરી કરવા સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવા માટે સૂચના આપી છે.

યુપી-રાજસ્થાનમાં પ્રચંડ વાવાઝોડુ

૪૨નાં મોત : ભારે વરસાદ અને પ્રચંડ તોફાનથી ભારે નુકસાન : ઉત્તરપ્રદેશના આગરા, મથુરા અને ફિરોજાબાદ જિલ્લામાં વધારે નુકસાન : ૨૦૦થી વધુ લોકોને ઇજા

નવી દિલ્હી,તા. ૧૩

પશ્ચિમી ઉત્તરપ્રદેશ અને પૂર્વીય રાજસ્થાનમાં ભારે અને પ્રચંડ પવન સાથે વાવાઝોડા અને વરસાદના કારણે ૪૪થી વધુ લોકોના મોત થઇ ગયા છે. સેંકડો લોકો ઘાયલ થયા છે. જનજીવન પણ સંપૂર્ણપણે ખોરવાઈ ગયુ છે. બન્ને રાજ્યોમાં વરસાદ અને વાવાઝોડાના કારણે ભારે નુકસાન થયુ છે. મૃત્યુ પામેલા લોકોમાં મોટી સંખ્યામાં બાળકોનો સમાવેશ થાય છે. ઉત્તરપ્રદેશના આગરા, મથુરા અને ફિરોજાબાદમાં વાવાઝોડુ ત્રાટક્યુ હતુ. જેમાં મોટા ભાગના લોકોના મોત મકાન ધરાશાયી થવાના કારણે થયા છે. રાજસ્થાનમાં ભરતપુર અને ધોલપુરમાં પણ વરસાદ થયો છે. વાવાઝોડાની અસર ત્યાં પણ રહી

● અનુસંધાન પાન-૭ પર

નક્સલીઓના ગઢમાં પ્રથમ વખત આજથી ટ્રેન દોડશે

નરેન્દ્ર મોદી ટ્રેનને લીલીઝંડી આપશે : ૧૭ કિલોમીટરના રેલવે ટ્રેકની સુરક્ષા માટે સશસ્ત્ર સીમા દળની બટાલિયન ગોઠવી દેવાઇ

ભિલાઈ,તા. ૧૩

દેશના રેડ કોરિડોર અથવા તો લાલ આતંકના ગઢમાં રેલવે ટ્રેક બિછાવી લેવાની કામગીરી પૂર્ણ કરી લેવામાં આવી છે અને હવે ૧૪મી એપ્રિલના દિવસે આ ટ્રેક પર દોડનાર ટ્રેનને વડાપ્રધાન નરેન્દ્ર મોદી લીલીઝંડી આપનાર છે. રેડ કોરિડોર અથવા તો લાલ આતંકના ગઢ તરીકે રાવઘાટ વિસ્તારને ગણવામાં આવે છે. વન્ય વિસ્તારની અંદર આ ક્ષેત્ર ખુબ જ ખતરનાક છે. આ વિસ્તારમાં હમેંશા દહેશતનો અનુભવ થાય છે. આ સૌથી વધારે નક્સલી પ્રભાવિત વિસ્તારમાં હવે કેટલીક નવી ચીજો થવા જઇ રહી છે. દલ્લીરાજહરા-રાવઘાટ રેલવે યોજના હેઠળ અહીં ૧૭ કિલોમીટર સુધી રેલવે ટ્રેક બિછાવવાની કામગીરી પૂર્ણ કરી લેવામાં આવી છે. આ વિસ્તાર કેટલા ખતરનાક વિસ્તાર તરીકે છે તેનો અંદાજ આ બાબતથી લગાવી શકાય છે કે રેલવે લાઇન પરિયોજના પર નજર રાખવા માટે સશસ્ત્ર સીમા દળની બે બટાલિયન ગોઠવી દેવામાં આવી છે. અહીં ૨૪ કલાક બે બટાલિયન નજર રાખી રહી છે. આ ટ્રેક પર પ્રથમ ટ્રેન દોડાવવા માટેની તૈયારી પણ કરી લેવામાં આવી છે. આ ટ્રેનને અન્ય કોઈ નહીં બલ્કે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે અહીંથી ૩૦૦ કિલોમીટરના અંતરે સ્થિત બસ્તર વિસ્તારમાંથી કરનાર છે. ટ્રેન સેવા શરૂ થયા બાદ સામાન્ય લોકોને મોટી રાહત થશે.

વિનોદ ખન્નાને દાદાસાહેબ ફાળકે, 'મોમ' માટે શ્રીદેવી બેસ્ટ એક્ટ્રેસ

બેસ્ટ ફિલ્મ 'ન્યુટન', બેસ્ટ ગુજરાતી ફિલ્મ 'ઢ'ને પણ એવોર્ડ બેસ્ટ પોપ્યુલર ફિલ્મનો પુરસ્કાર બાહુબલી-૨ને મળ્યો

ન્યુ દિલ્હી,તા.૧૩

આજે ૬૫માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારનું એલાન કરવામાં આવ્યું હતું. અભિનેતા રાજકુમાર રાવની ફિલ્મ 'ન્યૂટન'ને સર્વશ્રેષ્ઠ હિન્દી ફિલ્મનાં પુરસ્કારથી સમ્માનિત કરવામાં આવી છે. તો 'ન્યૂટન 'ફિલ્મમાં અભિનય કરનાર પંકજ ત્રિપાઠીને પણ વિશેષ પુરસ્કાર આપવામાં આવ્યો છે. તો દિવગંત અભિનેત્રી શ્રીદેવીને ફિલ્મ 'મોમ' માટે સર્વશ્રેષ્ઠ અભિનેત્રીનો પુરસ્કાર આપવામાં આવ્યો છે. અભિનેતા વિનોદ ખન્નાને મરણોપરાંત દાદા સાહેબ ફાળકે સમ્માન આપવામાં આવ્યું છે.

૬૫માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોની જાહેરાત રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમિતિનાં ચેરમેન અને જાણીતા નિર્દેશક શેખર કપૂરે કરી હતી. તમામ વિજેતાઓને ૩ મેનાં રોજ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ રાષ્ટ્રીય પુરસ્કારથી સમ્માનિત કરશે. તો 'બાહુબલી-૨'ને બેસ્ટ પૉપ્યુલર ફિલ્મનો નેશનલ એવોર્ડ મળ્યો છે. ફિલ્મ 'ટોયલેટ એક પ્રેમકથા'નાં ગીત 'ગોરી તુ લક્ક મારકે' માટે ગણેશ આચાર્યને બેસ્ટ કૉરિયોગ્રાફીનો નેશનલ ફિલ્મ એવોર્ડ આપવામાં આવ્યો છે.

ફિલ્મ 'ઇરાદા' માટે દિવ્યા દત્તાને બેસ્ટ સપોર્ટિંગ એક્ટર અને અલી અબ્બાસ મોગલને 'બાહુબલી-૨' માટે બેસ્ટ એક્શન ડાયરેક્શન માટે નેશનલ એવોર્ડ આપવામાં આવ્યો છે.

HAPPY BIRTHDAY
To SURYANSH
Happy Birthday

Wishing you a day filled with happiness and a year filled with joy Happy birthday!"
"Sending you smiles for every moment of your special day...
Have a wonderful time and a very happy birthday!"
"Hope your special day brings you all that your heart desires!
FROM
DESIRE INFRASTRUCTURE
GANDHINAGAR
GUJARAT

રાજધાનીમાં કેસર કેરીનું આગમન
રત્નાગીરી હાફુસ કેરી તથા પાયરી કેરી,
તથા સૌરાષ્ટ્ર અને કચ્છની કેસર કેરી માટે મળો
ફળોના રાજા કેરી માટે
જુના અને જાણીતા
રહીમચાચા
(૨૮ વર્ષથી રેગ્યુલર સર્વિસ)
નવદીપ કિરાણા પાછળ, રૂપકલા જ્વેલર્સની બાજુમાં,
ડિસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર
ખાસ નોંધ : સોમવારે પણ અમારી દુકાન ચાલુ રહેશે.

શિવાલય ફાર્મ & પાર્ટી પ્લોટ
મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ ડે પાર્ટી, ગેટ ટુ ગેધર તથા શુભ પ્રસંગ માટે
તમામ પ્રકારના પ્રસંગો માટે વિશાળ ૧,૨૫,૦૦૦ સ્કવેરફુટનો મેકશીફ્ટ લોન એરીયા
સિધ્ધી વિનાયક ફાર્મ & પાર્ટી પ્લોટ
૧૫૦૦ મહેમાનોની ક્ષમતા વાળો પાર્ટીપ્લોટ, ૫૦૦૦૦ સ્કવેરફુટ લોન એરીયા
શિવમ્ કેટરર્સ એન્ડ રાજેશ્વરી ગ્રુપ & ઈવેન્ટ્સ
૧૦૦૦ થી ૮૦૦૦ મહેમાનોની ક્ષમતા વાળો વિશાળ પાર્ટી પ્લોટ
ડિઝાઈન થીમ ડેકોરેટીવ એન્ટ્રી વિથ ફ્લાવર
વર-કન્યા પક્ષ માટે એ.સી. રૂમોની સગવડ
૮૦૦ થી વધારે કાર માટે પાર્કીંગ વ્યવસ્થા
ગાંધીનગર શહેરથી તદ્દન નજીક
અદ્યતન કિચન વ્યવસ્થા
બુકિંગ ચાલુ છે
આ બધી સુવિધા અમારા પાર્ટી પ્લોટના પેકેજમાં મળશે.
ક-૭, રાંધેજા રોડ, વસંત વગડાની સામે, ગાંધીનગર.
www.shivalaytarm&partyplot.com | shivalaytarm&partyplot@gmail.com
વાઘેલા ઘનશ્યામસિંહ એમ. 98250 22173 | વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. 98256 04575 | ચાવડા અનિરુધ્ધસિંહ 98981 85149
ક-૭, રાંધેજા રોડ, મનાવા પેટ્રોલિયમની બાજુમાં, ગાંધીનગર

RECRUITMENT (ભરતી)
ESPS
ESCORT SECURITY & PERSONNEL SERVICE
ISO 9001-2008 CERTIFIED
ESCORT SECURITY AND PERSONNEL SERVICES , AHMEDABAD વતી- ગાંધીનગર, વૈરાવલ, નવલખી, ઓખા, પોરબંદર, સુરત, જાફરાબાદ, અલંગ, ભાવનગર, માંડવી, ભરૂચ, જામનગર, અમરેલી, કંડલા, અમદાવાદની ઓફીસોમાં નીચે બતાવેલ જગ્યાઓ માટે અરજીઓ મંગાવેલ છે. નીચે બતાવેલ Email Id & whatsApp પર ફોર્મ અને તમારા Resume મોકલી દેવા.
ગુજરાતી અને ઈંગ્લીશ typing compulsory છે. ગુજરાતી typing વાળાઓને Extra point આપવામાં આવશે.
malikmustakim17@gmail.com
bhagirath.mandalia28@gmail.com
esps.ahmedabad@gmail.com
WhatsApp No: 9624024277
8460843013

Sr. No.	location	Post of Appointment	Education & Experience	Age	Basic Payment
1	Ahmedabad, Gandhinagar, Surat, Bharuch,	Office Boy & Girl (Office Person) (Unskilled) (પટાવાળા)	10th pass to 12th pass	18 to 40	Rs. 8000
2	Veraval, Navlakhi, Okha, Porbandar, Jafrabad, Alang,	Driver, Security Guard, and Similar Job (Semi Skilled)	12th pass	18 to 40	Rs. 11000
3	Bhavnagar, Mandvi, Jamnagar, Kandla, Amreli	Junior Executive , Executive, senior Executive (HR, Finance,Account, Business Development) , Electrician	Graduates diploma holder ITI, etc. (0 to 3 year Experience) Gujarati & English Typing	18 to 40	Rs.12000 to Rs.15000
4	Gandhinagar, Navlakhi, Porbandar, Veraval ,Bahvnagar, Okha, Bedi, Jafrabad, Dahej	Manager Grade-2 & 3 (IT, Engineering, Administration, legal, Finance, Accounting) (Specialized 1)	Graduates (3 to 5 year Exp.)	21 to 50	Rs. 20000 to 25000
5	Gandhinagar, Navlakhi, Porbandar, Veraval ,Bahvnagar, Okha, Bedi, Jafrabad, Dahej	Senior Manager (IT, Engineering, Administration, legal, Finance, Accounting) (Specialized 2)	Post Graduates (02 year + Exp.)	21 to 50	Rs. 25000 to 30000

આપને આંગણે આવ્યો અવસર ખાસ
ઉજવણીમાં ભરીશું અમે પ્રેમની મીઠાશ
હરેક પ્રસંગની યાદગાર ઉજવણી માટે
ભવ્ય બેન્કવેટ હોલ અને પાર્ટીપ્લોટ
આપની નજીક

રાધે બેન્કવેટ હોલ
• ૩૦ થી ૮૦ વ્યક્તિની ક્ષમતા
• આકર્ષક એમ્બિયન્સ
• આધુનિક સુવિધાથી સજ્જ
• કેટરિંગ સુવિધા ઉપલબ્ધ
કેશવમ પાર્ટી પ્લોટ
• ૨૦૦ થી ૨૫૦૦ વ્યક્તિની ક્ષમતા
• વિશાળ રમણીય ગાર્ડન
• આકર્ષક એન્ટ્રી અને આધુનિક સુવિધાવાળુ સ્ટેજ
• આઉટસાઇડ કેટરિંગ આવકાર્ય
મહેંદી | સંગીત | રિંગ સેરેમની | લગ્ન | રિસેપ્શન | બર્થ ડે
બેબી શાવર | એનિવર્સરી | ગેટ-ટુ-ગેધર | કોર્પોરેટ ઇવેન્ટ
રાધે બેન્કવેટ હોલ: ૨૦૫, ડીસ્ટ્રીકટ શોપિંગ સેન્ટર, સેક્ટર ૨૧, ગાંધીનગર
સંપર્ક: ૭૬૯૮૦ ૫૦૧૧૧ | ૯૯૦૯૯ ૫૫૬૫૦
કેશવમ પાર્ટી પ્લોટ: પેથાપુર-મહુડી રોડ, પેથાપુર
સંપર્ક: ૯૮૨૫૪ ૫૦૧૧૧ | ૯૯૦૯૯ ૫૫૬૫૫
રાધે Prem Ni Mithaas
Buy Sweets Online on premnimithaas.com
www.purplephase.in